IPL મીની ઓક્શન : ભારતીય અનકેપ્ડ ખેલાડીઓ પર ધનવર્ષા

KKRએ ગ્રીન અને પાથિરાના પર મોટી બોલી લગાવી

ઉત્તર પ્રદેશના પ્રશાંત વીર અને રાજસ્થાનના કાર્તિક શર્માને 14.20 કરોડ મળ્યા

જમ્મુ અને કાશ્મીરનો ફાસ્ટ બોલર આકિબ નબી ડારને દિલ્હી કેપિટલ્સે રૂ.8.40 કરોડમાં ખરીદ્યો

અબુ ધાબી, તા. 16 (પીટીઆઈ): મંગળવારે અબુ ધાબીમાં ઈન્ડિયન પ્રીમિયર લીગના ખેલાડીઓની મીની હરાજીમાં કોલકાતા નાઈટ રાઈડર્સે ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર કેમેરોન ગ્રીન માટે રેકોર્ડ 25.20 કરોડ અને શ્રીલંકાના ફાસ્ટ બોલર મથીશા પથિરાના માટે 18 કરોડ રૂપિયા ખર્ચ્યા.

અનકેપ્ડ ભારતીય ખેલાડીઓને (જેમણે આંતરરાષ્ટ્રીય મેચ રમી નથી) પણ હરાજીમાં નોંધપાત્ર સફળતા મળી. ઉત્તર પ્રદેશના 20 વર્ષીય ડાબોડી સ્પિનર પ્રશાંત વીર અને રાજસ્થાનના વિકેટકીપર અને આક્રમક બેટ્સમેન કાર્તિક શર્માને ચેન્નાઈ સુપર કિંગ્સે રૂ. 14.20 કરોડમાં ખરીદ્યા. 30 લાખની બેઝ પ્રાઈસ સાથે બંને ખેલાડીઓ IPL હરાજીના ઈતિહાસમાં સૌથી વધુ કિંમત ધરાવતા અનકેપ્ડ ખેલાડીઓ બન્યા. જમ્મુ અને કાશ્મીરના ફાસ્ટ બોલર આકિબ નબી ડારને પણ દિલ્હી કે પિટલ્સે 8.40 કરોડમાં ખરીદ્યો. ડારની બેસ કિંમત પણ 30 લાખ હતી.

ફોર્મમાં ચાલી રહેલા પૃથ્વી શોને દિલ્હીએ જ્યારે સરફરાઝ ખાનને સીએસકેએ તેમની બેસ પ્રાઈસ રૂ. 75 લાખમાં ખરીદ્યા.

ત્યારબાદ KKRએ વેંકટેશ ઐયરને ખરીદવાનો પ્રયાસ કર્યો, પરંતુ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે રૂ. 7 કરોડની બોલી લગાવીને આ ઓલરાઉન્ડરને પોતાની ટીમમાં સામેલ કર્યો.

બાદમાં કેકેઆર શ્રીલંકાના ફાસ્ટ બોલર પથિરાનાને ખરીદવાની રેસમાં સામેલ થયું. રૂ. 2 કરોડની બેઝ પ્રાઈઝ સાથે હરાજીમાં પ્રવેશ કરનાર પથિરાના IPLમાં વેચાયેલ સૌથી મોંઘો શ્રીલંકન ખેલાડી બન્યો. ગ્રીને કહ્યું, 'આ વર્ષની આઈપીએલ માટે કોલકાતાનો ભાગ બનવા માટે હું ખૂબ જ ઉત્સાહિત છું. ઈડન ગાર્ડન્સમાં હોવું અને વાતાવરણથી પરિચિત થવું એ એક લહાવો રહેશે.'

દક્ષિણ આફ્રિકાના આક્રમક બેટ્સમેન ડેવિડ મિલરને દિલ્હી કેપિટલ્સે તેની 2 કરોડની બેઝ પ્રાઈઝમાં ખરીદ્યો હતો, જ્યારે ન્યુઝીલેન્ડના અનુભવી બેટ્સમેન ડેવોન કોનવે (બેઝ પ્રાઈઝ 2 કરોડ) હરાજીમાં વેચાયા વિના રહ્યો હતો.

અનુભવી દક્ષિણ આફ્રિકાના ઓપનર અને વિકેટકીપર ક્વિન્ટન ડી કોક તેની ભૂતપૂર્વ ટીમ, મુંબઈ ઈન્ડિયન્સમાં 1 કરોડના બેઝ પ્રાઈઝ પર પાછો ફર્યો હતો.

ફાસ્ટ બોલર આકાશ દીપ અને સ્પેન્સર જોહ્નસન પણ બોલી વગર ગયા હતા, જ્યારે એનરિચ નોર્ટજે, જેની કિંમત 2 કરોડ હતી, તેને લખનૌ સુપર જાયન્ટ્સની ટીમમાં એટલી જ રકમમાં સામેલ કરવામાં આવ્યો હતો.

સ્પિનરોમાં, રવિ બિશ્નોઈને રાજસ્થાન રોયલ્સે 7.2 કરોડમાં ખરીદ્યો હતો જ્યારે રાહુલ ચહર, મહિશ થીક્ષના અને મુજીબ ઉર રહેમાન પ્રારંભિક હરાજીમાં વેચાયા ન હતા. CSKએ અકીલ હુસૈનને 2 કરોડમાં સામેલ કર્યો હતો.

આ મીની-હરાજીમાં કુલ 359 ખેલાડીઓ (246 ભારતીય અને 113 વિદેશી) સામેલ હતાં, જેમાં 10 ફ્રેન્ચાઈઝીઓએ મહત્તમ 77 ખેલાડીઓ માટે બોલી લગાવી હતી જેમાંથી 31 સ્થાનો વિદેશી ખેલાડીઓ માટે હતા.

બીસીસીઆઈના નિયમ મુજબ વિદેશી ખેલાડીઓ માટે રૂ. 18 કરોડની મર્યાદા

વિદેશી ખેલાડીઓ માટે હરાજીના નિયમો મુજબ, બાકીની રકમ BCCIના ખેલાડી વિકાસ કાર્યક્રમમાં જશે. પરિણામે, આ સિઝન માટે તેમનો પગાર રૂ. રૂ.18 કરોડ જ રહેશે. અગાઉ ચેન્નાઈ સુપર કિંગ્સનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલા પથિરાનાને સંપૂર્ણ રકમ મળશે કારણ કે તે પગાર મર્યાદામાં છે. ગ્રીન અગાઉ મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે રમી ચૂક્યો છે. તેણે 29 આઈપીએલ મેચોમાં 707 રન બનાવ્યા છે અને 16 વિકેટ લીધી છે.

મીની ઓક્શનમાં સૌથી મોંઘા વેચાયેલા ટોપ ફાઇવ ખેલાડી

ખેલાડી	દેશ	ટીમ	બેઝ પ્રાઇઝ	વેચાયો
કેમરન ગ્રીન	ઓસ્ટ્રેલિયા	KKR	2 કરોડ	25.20 કરોડ
મથિષા પથિરાના	શ્રીલંકા	KKR	2 કરોડ	18.00 કરોડ
કાર્તિક શર્મા	ભારત	CSK	30 લાખ	14.20 કરોડ
પ્રશાંત વીર	ભારત	CSK	30 લાખ	14.20 કરોડ
લિયામ લિવિંગસ્ટોન	ઈંગ્લેન્ડ	SRH	2 કરોડ	13.00 કરોડ

સોલ્ડ અને અનલોસ્ડ ખેલાડીઓની યાદી

જેક ફ્રેઝર-મેકગર્ક - બેઝ પ્રાઈઝ રૂ. 2 કરોડ - અનસોલ્ડ
ડેવિડ મિલર - બેઝ પ્રાઈઝ રૂ. 2 કરોડ - દિલ્હી કેપિટલ્સ - 2 કરોડ
પૃથ્વી શો - બેઝ પ્રાઈઝ 75 લાખ - - દિલ્હી કેપિટલ્સ - 75 લાખ
ડેવોન કોનવે - બેઝ પ્રાઈઝ રૂ. 2 કરોડ - અનસોલ્ડ
સરફરાઝ ખાન - બેઝ પ્રાઈઝ 75 લાખ - CSK - 75 લાખ
ગસ એટકિન્સન - બેઝ પ્રાઈઝ રૂ. 2 કરોડ - અનસોલ્ડ
રચિન રવિન્દ્ર - બેઝ પ્રાઈઝ રૂ. 2 કરોડ - KKR - 2 કરોડ
લિયામ લિવિંગ્સ્ટન - બેઝ પ્રાઈઝ રૂ. 2 કરોડ - SRH - 13 કરોડ
વેંકટેશ ઐયર - બેઝ પ્રાઈઝ રૂ. 2 કરોડ - RCB - 7 કરોડ
ક્વિન્ટન ડી કોક - બેઝ પ્રાઈસ રૂ. 1 કરોડ - મુંબઈ ઇન્ડિયન્સ - રૂ. 1 કરોડ
બેન ડકેટ - બેઝ પ્રાઈસ રૂ. 2 કરોડ - દિલ્હી કેપિટલ્સ - રૂ. 2 કરોડ
મેટ હેનરી - બેઝ પ્રાઈસ રૂ. 2 કરોડ - સીએસકે - 2 કરોડ
આકાશ દીપ - બેઝ પ્રાઈસ રૂ. 1 કરોડ - કેકેઆર - 1 કરોડ
જેકબ ડફી - બેઝ પ્રાઈસ રૂ. 2 કરોડ - આરસીબી - 2 કરોડ
એનરિચ નોર્ટજે - બેઝ પ્રાઈસ રૂ. 2 કરોડ - એલએસજી - 2 કરોડ
રાહુલ ચહર - બેઝ પ્રાઈસ રૂ. 1 કરોડ - સીએસકે - 5.20 કરોડ
રવિ બિશ્નોઈ - બેઝ પ્રાઈસ રૂ. 2 કરોડ - આરઆર - રૂ. 7.20 કરોડ
મહિષ તીક્ષણા - બેઝ પ્રાઈસ રૂ. 2 કરોડ - અનસોલ્ડ
તેજસ્વી સિંહ - બેઝ પ્રાઈઝ રૂ. 30 લાખ - KKR - 3 કરોડ
નમન તિવારી - બેઝ પ્રાઈઝ રૂ. 30 લાખ - LSG - 1 કરોડ
પથુમ નિસાન્કા - બેઝ પ્રાઈઝ 75 લાખ - DC - 4 કરોડ
બેન દ્વારશુઈસ - બેઝ પ્રાઈઝ 1 કરોડ - PBKS - 4.40 કરોડ
જેસન હોલ્ડર - બેઝ પ્રાઈઝ રૂ. 2 કરોડ - GT - 7 કરોડ
ડેરિલ મિશેલ - બેઝ પ્રાઈઝ 2 કરોડ રૂપિયા - અનસોલ્ડ

આઈપીએલ 2026 માર્ચ 26થી 31 મે સુધી યોજાશે

ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં મેચોનું આયોજન થશે કે નહીં તે સ્પષ્ટ નથી

મુંબઈ, તા. 16 (પીટીઆઈ): ઇન્ડિયન પ્રીમિયર લીગની 19મી સીઝન 26 માર્ચથી 31 મે દરમિયાન યોજાશે, પરંતુ એ જોવાનું બાકી છે કે શું ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનું (RCB) હોમ ગ્રાઉન્ડ, એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ, ટુર્નામેન્ટનું આયોજન કરી શકશે કે કેમ, કારણ કે ત્યાં થયેલી એક ભાગદોડમાં ઘણા લોકોનાં મોત થયાં હતાં ત્યારબાદ ત્યાં તમામ મોટી ક્રિકેટ ઇવેન્ટ્સ સ્થગિત કરવામાં આવી હતી.

સ્થાપિત નિયમો અનુસાર, એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમને ટુર્નામેન્ટની પહેલી મેચનું આયોજન કરવાની તક આપવી જોઈએ, કારણ કે હોમ ટીમ RCBએ IPL-2025નો ખિતાબ જીત્યો હતો, પરંતુ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) સંપૂર્ણ સમયપત્રક જાહેર ન કરે ત્યાં સુધી પરિસ્થિતિ સ્પષ્ટ થશે નહીં.

આ વર્ષે જૂનમાં, RCBના વિજયની ઉજવણી દરમિયાન લાખો લોકો રસ્તાઓ પર એકઠા થયા બાદ ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર અરાજકતા અને ભાગદોડ મચી ગઈ હતી, જેના પરિણામે 11 લોકો મૃત્યુ પામ્યા હતાં.

જોકે સ્ટેડિયમને કર્ણાટક સરકાર તરફથી શરતી મંજૂરી મળી ગઈ છે, પરંતુ આ અકસ્માત બાદ તેને હજુ પણ જરૂરી સલામતી ધોરણો પૂરા કરવાની જરૂર છે.

નાસભાગના બનાવ બાદ સુરક્ષા અને પ્રશાસનિક મુદ્દોના કારણે બેંગ્લુરૂએ આ વર્ષે મહિલા વર્લ્ડકપ મેચોની યજમાની પણ ગુમાવી હતી.

આજે ભારત વિજયી સરસાઈ મેળવવાના ઈરાદે ઉતરશે

ફોર્મમાં ન રહેલા કેપ્ટન સૂર્યકુમાર અને નબળું પ્રદર્શન કરી રહેલા ગિલ પર ટીમ પ્રબંધનની નજર રહેશે

મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.00 વાગ્યાથી

લખનઉ, તા. 16 (પીટીઆઈ): શુભમન ગિલનું નબળું પ્રદર્શન ચર્ચાનો વિષય રહ્યું છે, પરંતુ ફોર્મમાં ન રહેલા કેપ્ટન સૂર્યકુમાર યાદવ પણ ટીમ પ્રબંધનની નજરોમાં છે જ્યારે ભારત બુધવારે અહીં ચોથી T-20 મેચમાં દક્ષિણ આફ્રિકા સામે પાંચ મેચની સિરીઝમાં વિજયી સરસાઈ મેળવવાનો પ્રયાસ કરવા યોગ્ય સંતુલન શોધી રહ્યું છે. ભારતીય કેપ્ટન છેલ્લા એક વર્ષથી વધુ સમયથી પોતાની લય શોધવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. T-20 વર્લ્ડકપ માટે બે મહિનાથી ઓછો સમય બાકી છે, ત્યારે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈચ્છશે કે તેમના કેપ્ટન અને મુખ્ય બેટ્સમેન શક્ય તેટલી વહેલી તકે તેનું ફોર્મ પાછું મેળવે. વાઈસ કેપ્ટન શુભમન ગિલે પણ ખરાબ પ્રદર્શન કર્યું છે. તે ઓપનિંગ પર આવી રહ્યો છે જેથી ભારતનું ટોચના ક્રમને અસ્થિર થયું છે. ગિલે સુસ્થાપિત સંજુ સેમસનનું સ્થાન લીધું. અક્ષર પટેલ બીમારીને કારણે સિરીઝમાંથી બહાર થઈ ગયો હોવાથી, ભારતે શાહબાઝ અહેમદને ટીમમાં સામેલ કર્યો છે, જેનાથી કુલદીપ યાદવને વધુ તકો મળી શકે છે. જસપ્રીત બુમરાહ અંગત કારણોસર છેલ્લી મેચ ચૂકી ગયા બાદ તેની ઉપલબ્ધતા અનિશ્ચિત છે. તેની ગેરહાજરીમાં, અર્શદીપ સિંહને પાછલી મેચમાં મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો, જ્યારે હર્ષિત રાણાએ ધર્મશાળામાં પણ ઉત્તમ સપોર્ટ આપ્યો હતો.

ભારત હાલમાં પાંચ મેચની શ્રેણીમાં 2-1થી આગળ છે. દક્ષિણ આફ્રિકા સિરીઝ જીવંત રાખવા બુધવારની મેચ જીતવા માટે કટિબદ્ધ રહેશે.

અન્ડર-19 એશિયા કપ

ભારતે મલેશિયાને હરાવ્યું, અભિજ્ઞાનની બેવડી સદી

અભિજ્ઞાન કુંડુ યવા વનડેમાં બેવડી સદી ફટકારનાર પ્રથમ ભારતીય બન્યો

ભારતનો 315 રનનો વિજય યુવા વનડેમાં તેનો રનની દ્રષ્ટીએ બીજો સૌથી મોટો વિજય

ભારતના 408 રનના જવાબમાં મલેશિયાની ટીમ 93 રનમાં ઓલઆઉટ થઈ

દિપેશ દેવેન્દ્રને 5 વિકેટ ઝડપી

દુબઈ, તા. 16 (પીટીઆઈ): અંડર-19 એશિયા કપની મેચમાં અભિજ્ઞાન કુંડુના રેકોર્ડ અણનમ 209 રન અને દીપેશ દેવેન્દ્રનની 5 વિકેટની મદદથી ભારતે મલેશિયાને 315 રનના મોટા માર્જિનથી હરાવ્યું. યુવા વનડેમાં રનની દ્રષ્ટીએ ભારતનો આ બીજો સૌથી મોટો વિજય છે. અગાઉ 2022માં ભારતે યુગાન્ડાને 322 રનથી હરાવ્યું હતું.

કુંડુ યુવા વનડેમાં બેવડી સદી ફટકારનાર પ્રથમ ભારતીય ક્રિકેટર બન્યો હતો. તેણે પોતાની ઈનિંગમાં 125 બોલનો સામનો કર્યો હતો, જેમાં 17 ચોગ્ગા અને 9 છગ્ગા ફટકાર્યા હતા, જેની મદદથી ભારતે સાત વિકેટે 408 રન બનાવ્યા હતા.

બાદમાં જમણા હાથના મીડિયમ ફાસ્ટ બોલર દેવેન્દ્રએ 22 રન આપીને 5 વિકેટ લીધી હતી જેના પગલે મલેશિયા 32.1 ઓવરમાં 93 રનમાં ઓલઆઉટ થયું હતું.

ભારત માટે વૈભવ સૂર્યવંશીએ 26 બોલમાં 50 રન બનાવ્યાય વેદાંત ત્રિવેદી અને કુંડૂએ ચોથી વિકેટ માટે 209 રનની ભાગીદારી કરી.

યુવા વનડેમાં બેવડી સદી ફટકારનાર ખેલાડી

ખેલાડી	દેશ	વર્ષ	રન
જોરિચ વાન	દ. આફ્રિકા	2025	215 (153 બોલ)
અભિજ્ઞાન કુંડુ	ભારત	2025	209* (125 બોલ)

સુડોકુ - 'કૃતિ' ૬૩૯૮

૭			૩	૬		૪	૫	૧
૮	૫		૪	૭	૨		૯	૬
	૪	૩		૯				૨
			૨				૧	૪
		૬			૪			
				૫		૮	૨	૯
૪	૬					૯		
	૧	૮				૨	૬	૩
૩		૨				૧	૪	૫

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭૬૯૬-૭૬૬૧ ક્રિઝ્ડ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

વાળતોડો

વાળ ખરે તે કુદરતી છે. પણ ખેંચાઈ ને વાળ તૂટે તો એના ખુલ્લા થયેલા મૂળમા બેક્ટેરિયાનો ચેપ લાગવાના સંભવ પૂરેપૂરો છે. તેથી ત્યાં ફોડલી થાય એને વાળતોડો કહે છે. ચૂનો (પાનમાં ખાવાનો) અને ગેરુ ભેળવી લગાડવાથી સારું થશે.

સૈયદ મુશ્તાક અલી ટ્રોફી : હરિયાણા અને ઝારખંડ ફાઈનલમાં

પૂણે, તા. 16 (પીટીઆઈ): સામંત જાખડ અને અંકિત કુમારની ધમાકેદાર અડધી સદીની મદદથી હરિયાણાએ મંગળવારે અહીં હૈદરાબાદને 124 રનથી હરાવીને સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની ફાઇનલમાં સ્થાન મેળવ્યું, જ્યાં તેનો મુકાબલો ઝારખંડ સામે થશે. ઓપનર અંકિતે પ્રથમ બેટિંગ કરતા 27 બોલમાં 57 રન અને અર્શ રંગા (30) સાથે 81 રનની ભાગીદારી કરી. જેની મદદથી ટીમે 246 રન બનાવ્યા હતા. ત્યારબાદ હૈદરાબાદ 122 રનમાં ઓલઆઉટ થયું હતું. અન્ય એક મેચમાં ઝારખંડે આંધ્રપ્રદેશ સામે નવ રનથી હાર છતાં સુપર લીગ ગ્રુપ Aમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું અને ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા આંધ્રએ સાત વિકેટે 203 રન બનાવ્યા હતા અને ઝારખંડને આઠ વિકેટે 194 રન પર રોકી દીધું હતું. ઝારખંડ પ્લસ 0.221ના નેટ રન રેટ સાથે ગ્રુપમાં ટોચ પર રહ્યું હતું.

મેસીએ વનતારાની મુલાકાત લીધી

જામનગર, તા. 16 (પીટીઆઈ): વૈશ્વિક ફૂટબોલ દિગ્ગજ લિયોનેલ મેસ્સીએ મંગળવારે જામનગરમાં વન્યજીવન કલ્યાણ, પુનર્વસન અને સંરક્ષણ કેન્દ્ર, વનતારાની મુલાકાત લીધી હતી, પરંપરાગત ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો અને અનંત અંબાણી દ્વારા સ્થાપિત કેન્દ્રમાં સંરક્ષણ ટીમો સાથે વાતચીત કરી. મેસ્સીએ વનતારાના સંરક્ષણ ઇકોસિસ્ટમનું અવલોકન કર્યું, જ્યાં સિંહ, વાઘ, ચિત્તો, હાથી, શાકાહારી, સરિસૃપ અને અન્ય સંરક્ષિત પ્રાણીઓ જેવા મોટા વન્યજીવન પ્રાણીઓની સંભાળ રાખવામાં આવે છે. મેસી અને તેના સાથી ખેલાડીઓ લુઈસ સુઆરેઝ અને રોડ્રીગો ડી પોલની યજમાની અનંત અંબાણી અને તેમના પરિવારે કરી હતી. 'વનતારાએ જે કાર્ય કર્યું છે તે ખરેખર અદ્ભુત છે. પ્રાણીઓ માટે કરવામાં આવેલ કાર્ય, તેમને મળતી સંભાળ, તેમને બચાવવા અને ઉછેરવાની રીત ખરેખર પ્રભાવશાળી છે', એમ મેસ્સીએ કહ્યું હતું. મેસ્સીએ સોમવારે તેનો ખૂબ જ અપેક્ષિત 'GOAT ઈન્ડિયા ટુર' સમાપ્ત કર્યો. તેની ત્રણ દિવસની ભારત મુલાકાતે ચાહકોને જીવનભર યાદગાર યાદો આપી હતી.

શબ્દગુંફન - ૭૧૨૨

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. પૂરેપૂરૂં માહિતગાર (૪)
૪. વાક્ય, આદેશ (૩)
૬. હરકત, માથાકૂટ (૪)
૮. પાણીનો જળાશય (૪)
૧૦. લાગ, અનુકૂળ વખત (૨)
૧૧. અવાજ, ધૂન, ટેવ (૨)
૧૨. ગળે વીંટાળવાનું એક વસ્ત્ર (૪)
૧૪. તદ્દન-સાવ ખાલી (૪)
૧૭. ખામી, ઘટ, ખોટ (૩)
૨૦. ગરીબ (૨)
૨૧. માત્ર નામ બાકી રહેલું. (૪)
૨૩. પરોપકારી, પરમાર્થી (૪)
૨૪. સરસ્વતી (૩)
૨૬. યોગ્ય કિંમત કરનાર (૫)
૨૯. એક રાજા (૨)
૩૦. પગથિયાવાળો કૂવો (૨)

ઊભી ચાવી
૧. પોસ્ત, જુસ્સો (૨)
૨. ઊંડું, ગૂઢ, દુર્ગમ (૩)
૩. પડદો, ચક (૨)
૪. રાહ, રસ્તો (૨)
૫. સૈન્ય, છાવણી (૨)
૭. યોમાસુ પાક (૩)
૮. ઉપાધિ, દરજ્જો (૨)
૯. નાનો ઘડો (૩)
૧૦. ધરાયેલું, તૃપ્ત (૨)
૧૧. વહાણવટી, સુકાની (૩)
૧૨. બાળ ભાષામાં ચવાણું (૨)
૧૩. નાશ, એકતાર થઇ જવું તે (૨)
૧૪. વેર, અદેખાઇ (૨)
૧૫. સમાપ્ત (૩)
૧૬. ન બોલવું તે (૨)
૧૮. પ્રવાસ વર્ણનનું પુસ્તક (૫)
૧૯. ગુસ્સો (૨)
૨૦. ચહેરો, સ્વરૂપ (૩)
૨૧. સુંવાળું, સુકુમાર (૩)
૨૨. એક ઝાડ (૩)
૨૪. ભપકો, દેખાવ (૨)
૨૫. રાક્ષસ, અસુર (૩)
૨૭. શ્વાસ (૨)
૨૮. દાન આપનાર (૨)



૮૮૮૮ - ૭૬૬૧ ક્રિઝ્ડ

આજનું પંચાંગ

તા. 17/12/2025, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** માગસર :
તિથિ: વદ: તેરસ:26:34 પ્રદોષ
રાષ્ટ્રિય દિનાંક : માગસર:26
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
નક્ષત્ર વિશાખા: 17:12
યોગ : સુકર્મા **કરણ:** ગર
રાશિ: તુલા (ર,ત) 10:27 પછી વૃશ્ચિક (ન,ય)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 07:11
સુરતમાં સૂર્યાસ્ત : 17:59 **નવકારસી :** 07:59
પારસી વર્ષ : 1395, અમદાદ માસનો 05મો રોજ
મુસલમાન વર્ષ : 1447, જમાદીઉલ આખર માસનો 20મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ,
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ,
રાહુ કાળ : બપોરે 12:00 થી 13:30 સુધી

મેષ (અ,લ,ઇ,): શરૂઆત ઉત્સાહપૂર્વક થાય. શુભ અને ગમતા સમાચાર મળે. વાહન ચલાવવામાં સાવધાની રાખવી.
વૃષભ (બ,વ,ઉ,): હરીફો અને વિજાતિય મિત્રોથી સાવધાન રહેવું. નવાકામમાં મદદ મળે. પ્રેમવિવાહનો પ્રસ્તાવ આવી શકે છે.
મિથુન (ક,છ,ઘ,): આર્થિક બાબતે ચોક્કસ બનશો. મોજશોખના ધંધામાં આવક વધે. નોકરીમાં ગફલત ભારે પડી શકે છે.
કર્ક (ડ,હ,): પ્રવાસનું આયોજન થાય. નોકરી-ધંધામાં નવી તક મળે. પ્રેમમાં ગેરસમજ થાય. વિદ્યાર્થીઓને અનુકૂળતા રહે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): શુભ સમાચારથી દિવસની શરૂઆત થાય. આત્મવિશ્વાસ વધશે. ઘરમાં અવર-જવર વધશે.
કન્યા (પ,ઠ,ણ,): આર્થિક બાબતે ચોક્કસ બનશો. કોઇ પણ જોખમ લેવું નહીં વાણી પર કાબૂ રાખવો પ્રવાસમાં સાવધાન.
તુલા (ર,ત,): આરોગ્યનું યોગ્ય નિદાન થાય. ઘરના પ્રશ્નો હલ થાય. ખાણી-પીણીના ધંધામાં આવક વધે. મૌન રહેવું.
વૃશ્ચિક (ન,ય,): બિન જરૂરી ખર્ચા પર કાબૂ રાખવો. વધુ પડતા ઉદાર અને લાગણીશીલ થવાથી નુકસાન થઇ શકે છે.
ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રેમમાં સાથ મળે. મિત્રો તરફથી ભેટ કે કોઇ મહત્ત્વની મદદ મળે. સંતાનોની ચિંતા હળવી થાય.
મકર (ખ,જ,): ધંધામાં આવક વધે. નોકરીમાં જવાબદારી વધે. સમાજમાં સાવધાની રાખવી. આવક વધશે.
કુંભ (ગ,સ,શ,ષ,): પૂજા-પાઠ ધર્મ કર્મથી શાંતિ મળે. તીર્થ યાત્રા કે સત્સંગમાં જવાનું બનશે.
મીન (દ,ચ,ઝ,થ,): ઉચ્ચ કક્ષાના લોકોની લાગણીથી લાભ. નોકરીમાં પ્રગતિ કે નવી તક મળે. આર્થિક બાબતે પ્રગતિ થાય.

કોઇ પણ સાલમાં 17 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ચડતી-પડતીવાળુ રહેશે. નોકરીમાં નવી જવાબદારી સ્થાનફેર કે બદલીથી અશાંતિ અને દોડધામ વધશે. આરોગ્ય નરમ-ગરમ રહે. સમાજમાં ચડતી-પડતીનો અનુભવ વધશે. પરિવારની અપેક્ષા વધે. નોકરી-ધંધામાં હરીફોની હેરાનગતિ સતાવે. આધુનિક ટેકનોલોજી પ્રમાણે કામ કરવું પડે આર્થિક બાબતે સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના વર્ષની શરૂઆતમાં પાર પડે સંતાનોનાં કામમાં મિત્રોની મદદ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં ચડતી-પડતી રહે. ઉમરલાયકના વિવાહ થાય વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. આવક વધારવાની યોજનામાં સંઘર્ષ રહે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામ ધીમાં પડે. ઉધરાણીની ચિંતા રહે. નવા રોકાણમાં ધીરજ રાખવી. વકીલો-મિત્રોની મદદ સામાજિક કામ અને આર્થિક બાબતે મળતી રહેશે. યાત્રા પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. ડિસેમ્બર-જાન્યુઆરી તથા ફેબ્રુઆરીમાં નવી નોકરીની શકયતા રહેશે. માર્ચ-એપ્રિલમાં માનસિક અશાંતિ વધશે.

જાહેર નિવિદા

નં.૦૨ સને ૨૦૨૫-૨૬

ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ ખાતાના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ બારડોલી તાલુકાની સ્થાનિક સહકારી મંડળીઓ, બેકાર ઈજનેર તથા જાહેર બાંધકામ ખાતા ધ્વારા માન્યતા પ્રાપ્ત નોંધાયેલ ઈજારદારો પાસેથી બારડોલી તાલુકાના વિકાસના કામો માટે ભાવો મંગાવવામાં આવે છે.

અ. નં.	કામો રાખવા ઈચ્છતી એજન્સી	મુદત	માંગણી માટેની જરૂરી વિગતો
૧	સ્થાનિક સહકારી મંડળીઓ	તા. ૧૯/૧૨/૨૦૨૫	૧. માંગણી પત્રક ૨. રજીસ્ટ્રેશનની નકલ ૩. સોલ્વન્સી સર્ટીફીકેટ ૪. ઈન્કમટેક્ષ ક્લીયરન્સ સર્ટીફીકેટ
૨	બેકાર ઈજનેર તથા જાહેર બાંધકામ ખાતા ધ્વારા માન્યતા પ્રાપ્ત નોંધાયેલ ઈજારદારો	તા.૨૦/૧૨/૨૦૨૫ અને તા.૨૨/૧૨/૨૦૨૫	૧. માંગણી પત્રક ૨. રજીસ્ટ્રેશનની નકલ ૩. સોલ્વન્સી સર્ટીફીકેટ ૪. ઈન્કમટેક્ષ ક્લીયરન્સ સર્ટીફીકેટ

ટી.એસ.પી. યોજના ૨૦૨૪-૨૫ અંતર્ગત સિંચાઈ માટે બોરના કામો કમ નં.(૨)માં દર્શાવેલ એજન્સીઓને કોરા ટેન્ડર આપવાની મુદત હરોળમાં કચેરી સમય દરમ્યાન ટેન્ડર ફી ની રકમ પી.એલ.એટ્રુ ટી.ડી.ઓ. બારડોલી સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરી બાંધકામ શાખામાંથી મેળવી શકાશે. ટેન્ડરો સ્પીડ પોષ્ટથી તા.૨૬/૧૨/૨૦૨૫ સુધીમાં કચેરી સમય દરમ્યાન મળે તે રીતે મોકલવાના રહેશે. તારીખ મર્યાદા પછી આવેલ ટેન્ડરો માન્ય રાખવામાં આવશે નહિ. શરતો તથા કામોની યાદી બાંધકામ શાખા તા.પં.બારડોલીમાં જોવા મળશે. ટેન્ડર મંજુર/નામંજુર કરવાનો અધિકાર નીચે સહી કરનાર અધિકારીશ્રીને રહેશે. ટેન્ડરો તા. ૨૯/૧૨/૨૦૨૫ના રોજ ૧૪:૦૦ કલાકે હાજર રહેલ એજન્સી રૂબરૂ ખોલવામાં આવશે.

તાલુકા વિકાસ અધિકારી
બારડોલી. જિ.સુરત

કમાંક: માહિતી-સૂરત/૧૨૧૧/૨૦૨૫